# મૂર્તિ





જુલાઈ - ૨૦૨૩, વર્ષ : ૨૦ અંક : ૭
વાર્ષિક : ૧૫૦/-

## શ્રી અબજીબાપાની વાતો : ત્રિદિનાત્મક પારાયણ (૭ થી ૯ મે, ૨૦૨૩)











## ગુરૂપૂર્ણિમા પર્વ - છતેડીધામ



પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા,
તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427

# શ્રી અબજીબાપાની વાતો : ત્રિદિનાત્મક પારાયણ (૭ થી ૯ મે, ૨૦૨૩)

યજમાન : મૂ.નિ. કાનજીભાઈ ખીમજીભાઈ, મૂ.નિ. રાધાબાઈ કાનજીભાઈ તથા મૂ.નિ. નાનજીભાઈ કાનજીભાઈ વેકરીયા (કાંકસ્વારા) સહપરિવાર - બળદિયા



RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ



જુલાઈ : ૨૦૨૩

વર્ષ : ૨૦

અંક : ૭

## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી




## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર
બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com






| અનુક્રમ | પેજ |
|---|---|
| સહજ અમૃત | ૪ |
| અબજ અમૃત | ૫ |
| જ્ઞાનામૃત | ૬ |
| દિવ્યામૃત | ૮ |
| વિશિષ્ટાદ્વૈત | ૧૦ |
| અ.મુ. જાદવજીબાપાના સંભારણા | ૧૨ |
| આધ્યાત્મિકજ્ઞાન | ૧૪ |
| બાપાશ્રી નારાયણમામાની નજરે | ૧૫ |
| જ્ઞાનમાં સ્નાન કરાવે તે ગુરૂ | ૧૬ |
| નિરાકાર - સાકાર અક્ષરધામ | ૧૭ |
| કેળવણી | ૧૮ |




# સહજ અમૃત

★ અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ રહી અને બ્રાહ્મણ ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા તે જેતલપુર, ધોળકા થઈ ગામ કોઠની પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા અને સર્વે પ્રવૃતિને વિસારી મેલીને સર્વે પ્રવૃતિના ઘાટ ટાળી નાખ્યા. ને જેમ અહીંના પંચ વિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારુ મન લોભાણુ નહિં તેમ જ દેવલોક-બ્રહ્મલોક પર્યંત અમારુ મન ક્યાંય લોભાણુ નહિ. તે દેખીને દેવતા સર્વે અમારા વખાણ કરવા માંડ્યા જે તમારું મન ભગવાનને મૂકીને ક્યાંઈ લોભાતું નથી. પછી અમે મનને કહ્યું જે તારુ જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભૂકા કરી નાખીશ તેમજ બુદ્ધિને કહ્યું જે, ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે? તેમજ ચિત્તને કહ્યું જે ભગવાન વિના ચિંતવન કર્યું તો તારા ભૂકા કરી નાખીશ. તેમજ અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ. પછી તો આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ અને એ સર્વે સંકલ્પ અને તે સંકલ્પનો મંદવાડ હતો તે ટળી ગયો. એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું. અને જે એકાંતિક ભક્ત હોય તેને પોતાનું રૂપ દેહ માનવું નહિ અને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ કરે અને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ. અને જ્યારે ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી બીજી મોટી પદવી નથી. અને ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો એવા સાધુનો પણ પ્રતાપ છે. અને જ્યારે એ સાધુ ભગવાનના ધામને પામે છે ત્યારે બ્રહ્માદિક ઈશ્વર ભગવાનની જેમ એ સાધુને અર્થે પણ ભેટ, સામગ્રીઓ લાવે છે, ને ભગવાનના પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય-સામર્થ્ય પામે છે. માટે ભગવાનના ભક્તે ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણીને ઝાલી રાખવી પણ તેને મૂકવી નહિ. (ગ.મ. ૨૨)


માયાનું કાર્ય હોય તેટલું માયામાં લીન થાય પણ માયાથી પર જે બ્રહ્મ ત્યાં સુધી પહોંચે નહિ.

# અબજ અમૃત




★ નિશ્ચય હોય તો નાડીપ્રાણ ન તણાય તો પણ નિર્વિકલ્પ સમાધિ જ છે. મહારાજના વચન પળે તો નિશ્ચય છે એમ જાણવું, પણ તે કઠણ છે. જીવને પરોક્ષનો મહિમા છે પણ અહીં મોટા મુક્ત ને મહારાજ બેઠા હોય તેનો મહિમા ન જણાય. પરંતુ પ્રગટ ઉપર જ નિષ્ઠા થાય અને તેમના મુક્ત ઉપર જ નિષ્ઠા રહે. પણ બીજા પરોક્ષનો ભાર એક લેશ માત્ર ન આવે એવો નિશ્ચય હોય તે નિશ્ચય જાણવો. (૧/૧૯૬)

★ શ્રીજીમહારાજના નાના-મોટા વચન યથાર્થ પાળવા. પણ તેમા ફેર પડવા દેવો નહિ, તે પાળ્યા વિના છૂટકો નથી. એક હરિજન બહુ સારો હતો પણ નાનપણમાં બ્રહ્મચર્ય વ્રતમાં તેને ફેર પડ્યો હતો તેથી એની કાંઈ પણ સેવા દેહે કરીને અમે કરવા દીધી નહીં. પછી તેનું તેણે પ્રાયશ્ચિત કર્યું પછી સેવા કરવા દીધી. એવી ચોખવટ અમે રાખીએ છીએ. તમે પણ જે અમારા જોગવાળા છો તે સર્વે એવી રીતે ધર્મ વિનાનો હોય તેની સેવા અંગીકાર કરશો નહિ. ને શિષ્ય તેવો હોય તો જુદો કરજો ને ગુરૂ એવો હોય તો પડતો મૂકજો. એ અમારી આજ્ઞા છે તે શીરે ચઢાવજો તો અમે બહુ રાજી થઈશું ને તમને ઘણાક અધમ જીવોનો ઉદ્ધાર કરો એવા સમર્થ કરીશું. એટલે કે નર્કે જવાનું હોય તે સંકલ્પે કરીને પાપ ટળી જાય ને સત્સંગમાં જન્મ ધરે. પણ જો જીવ ખબડદાર થઈને મંડે તો એને એ દેહે કલ્યાણ થઈ જાય. એમ ઉધ્ધાર કરો એવા તમને કરવા છે. (૧/૧૯૭)

★ બાપાશ્રી બોલ્યા જે, "જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા." ત્યારે સંતોએ કહ્યું જે આ અમે આવ્યા છીએ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે મોક્ષ થઈ ગયો છે અને જે નવા આવે છે તેનો પણ થઈ જાય છે. જેવા અમે છીએ તેવા જ તમોને કરીશું અને આપણ સર્વ મૂર્તિમાં ભેળા રહીને મૂર્તિના સુખ ભોગવશું. (૧/૧૯૭)

# જ્ઞાનામૃત



## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

- સ્થિતિવાન નથી તેને સાધન છે, તે જેમ સંત કહે તેમ કરે. અને જે સ્થિતિવાન હોય તેને સાધન નથી તેથી તે ઠીક વર્તતા ન પણ હોય તે ઉપર સંતદાસજીની વાત કરી.
- જેમ સૂર્ય પ્રકાશે કરીને સર્વ જગતને વિષે રહ્યા છે તેમ અક્ષરબ્રહ્મ ઐશ્વર્યે કરીને સર્વેને વિષે રહ્યા છે.
- પુરુષોત્તમ ભગવાનની તુલ્ય કોઈ નથી એ ઉપાસ્યની શુદ્ધતા કહેવાય અને જે અક્ષરના સાધર્મ્યપણાને વર્તવું તે ઉપાસકની શુદ્ધતા કહેવાય. સ્થાનકની શુદ્ધતા તો અક્ષરબ્રહ્મ જ છે.
- પોતાને કંઈ જોઈએ જ નહી. અને સત્સંગને અર્થે જોઈતું હોય તો પણ તે પદાર્થ પોતાવતે કોઈ પાસે મગાય જ નહિ; એવી રીતે વર્તે તે સદાય સુખી રહે છે.
- સર્વે માયીક વસ્તુને વિષે દોષાધ્યાન નિરંતર કર્યા કરે તો વિષયને વિષે અરુચિ થાય.
- જેને ઈંદ્રિયોને વિષે ભગવાનનો નિશ્ચય હોય તે દેહ મૂકીને ઈન્દ્ર જેવો થાય. જેને અંતઃકરણને વિષે નિશ્ચય હોય તે તો દેહ મુક્યા કેડે બ્રહ્માદિક ત્રણ દેવ જેવો થાય. અને જેને જીવને વિષે નિશ્ચય હોય તે તો દેહ મુક્યા પછે અક્ષરના મુક્ત જેવો થાય છે.
- ઉત્તમ મુમુક્ષુને તો ભગવાનના દર્શને કરીને જ શાંતી થાય પણ માની અને લોભીને તો માન ને લોભ સોતા જો સત્સંગ રહે તો શાંત રહે નહિ તો ઉદ્વેગ રહે.
- અક્ષર તો સર્વે ઠેકાણે (સર્વત્ર) છે. તેમાં પુરુષોત્તમ ભગવાન ક્યાં રહેતા હશે? ઉત્તર જે, પુરુષોત્તમ ભગવાન પોતાના એકાંતિક ભક્તમાં રહે છે. તે મધ્યે પણ જે ઉત્તમ ભક્ત હોય તેમાં મૂળ સ્વરૂપે રહે છે.
- ભગવાનની દૃઢ ઉપાસના ને એકાંતિક ધર્મ એ બે જેમાં સંપૂર્ણ હોય તે દેહ મૂક્યા પછી અક્ષરધામને પામે છે. અને ધર્મને વિષે કસર હોય તો મુળપુરુષને પામે છે. અને તેથી વધારે કસર હોય તો પ્રધાનપુરુષને વૈરાજપુરુષાદિકને પામે છે. અને ઉપાસના અને ધર્મ એ બેયમાં કસર હોય તો બ્રહ્માદિક દેવ જેવો થાય. અને ગુણબુદ્ધિવાળો ઈન્દ્ર જેવો થાય.



અમારો મહાત્મ્ય સહિત નિશ્ચય હોય તેનું કાળ-કર્મ ભૂંડું કરી શકતા નથી. અને અવી નિષ્ઠામાં ફેર હોય તેનું રૂડું થતુ નથી.

## સદ્. શ્રી ગુણાતિતાનંદ સ્વામી



- એકડમલ થઈને એકલો રહી જો કાચો બાજરો ચાવે તોય સ્વાદીયો છે અને પંક્તિમાં જે મળે તે મેળાવીને ખાઈ લે, ને બીજું કાંઈએ ઉપાર્જન ન કરે ને ચાળા ચૂંથતો ન ફરે એ નિઃસ્વાદી કહેવાય ને ત્યારે જ ભગવાન તેના ઉપર રાજી થાય છે. તે રાજી કરવાનો ઉપાય તો સાધુનો સમાગમ ને નિયમ એ બે છે. કારણ કે વચન પણ બ્રહ્મવેતા સાધુના લાગે પણ બીજાના ન લાગે.
- સાધુ થયા અને ભેખ ન સુધર્યો ત્યારે શું થયું? જે કરવા આવ્યા તે તો ન થયું ! માટે ધીરે ધીરે સાધુના લક્ષણ કહ્યાં છે તેમ વર્તતા જવું. તે વિના છૂટકો નથી.
- ત્રીશ વર્ષ થયા ક્રિયા ઉપરા-ઉપર આવી છે તેથી પુરી વાતો થાતી નથી. તેથી મનમાં હામ રહી જાય છે, અને પૂરી સોદરી વળે એવી વાતો કરાતી નથી. જો આગ્રહ રાખીયે તો ધ્યાન થઈ જાય ને સમાધિ થઈ જાય.
- અહીં રહેવું નથી એ જીવને ખબર નથી. એવો જીવનો સ્વભાવ છે. પણ મુમુક્ષુને તો સદાય કડકડાટી જ દેખાય, જે આ તો હમણાં ચાલ્યું જવાશે. ને મહારાજે પણ કહ્યું છે જે ‘‘અમને તો એમ જ વર્તે છે જે આ પળમાં ને આ ક્ષણમાં દેહ પડી જશે.’’ માટે ભગવાન ભજી લેવા.
- જે ક્રિયા વગર ચાલે એમ ન હોય તે કરવી, પણ પછી ધબ પડી મેલવી. સંકલ્પ કર્યા ન કરવા. ઉપશમ કરવું ને વિષયથી છેટે રહેવું.
- એક ભક્તે પૂછયું : જે ‘‘આત્મા કેમ દેખાતો નથી?’’ પછી સ્વામી કહે દેખાય તો છે, પણ મનાતો નથી. જ્ઞાન થાશે ત્યારે મનાશે.
- ગઢડા પ્ર. ૫૪ (પરમેશ્વરના વચનમાં દ્રઢતાનું) વચનામૃત વંચાવીને સ્વામી બોલ્યા જે, જુઓને માંહી મોક્ષનું દ્વાર જ બતાવી દીધું અને જ્ઞાન પણ બતાવી દીધુ. આવો સમો આવ્યો છે, તો પણ ભગવાન પાસે કે મોટા સાધુ પાસે રહીને વાતો સાંભળે નહિ અને રૂપીયા ખરચવાનું કહે તો ખર્ચે, એવી જીવની અવડાઈ છે. પછી પસ્તાવો થશે. માટે ભગવાન ભજી લેવા.
- ભગવાનમાં અને સાધુમાં વળગી જાવું એ જ ઉગર્યાનો ઉપાય છે. તે વિના ચારે કોરે કાળ ખાઈ જાય છે.


સાંખ્ય મતવાળો હોય તે દેહ, ઈન્દ્રિયો, મન, સર્વ થકી પોતાનું સ્વરૂપ ભિન્ન સમજે ને સર્વ ક્રિયાને કરતો થકો પોતાને અકર્તા સમજે.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- મહારાજને સર્વ કર્તા હર્તા સમજવા ને સાકાર સમજવા. તો ભગવાન રાજી થાય. ને કાળને, કર્મને, માયાને કર્તા ન જાણવા.
- કેટલાક સંગના યોગે કરીને સ્વભાવ બગડે છે. કુસંગનો સંગ થાય ત્યારે ધ્યાનભજન બધું ભૂલી જાય, એવો સ્વભાવ થઈ જાય છે. એ સંતનાં સંગે કરીને પાછા સારા થાય. વધારે સંત – સમાગમ કરે, કથા-વાર્તા કરે તો ઓલા સ્વભાવ હોય તે બધા ટળી જાય. સારા સ્વભાવ થઈ જાય છે.
- આપણને તો સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ મળ્યા છે. વડવાનળ જેવા, વિજળી જેવા. એવાં સત્પુરુષનો યોગ મળ્યો છે. તો આપણે મહારાજની મૂર્તિ મુખ્ય રાખવી. મહારાજને રાખીને જે જે કરવું તે મહારાજને રાજી કરવા સારુ કરવું. મહારાજ કહે, ભગવાનનાં ભક્ત હોય એને ભગવાનની કથા, વાર્તા, કિર્તન કે ભગવાનનું ધ્યાન એ વિના રહેવાય જ નહિ. એને એ વ્યસન પડી જાય છે. જેમ વ્યસની માણસ હોય એને ભાંગ, દારુનું વ્યસન હોય એ વ્યસન કરે ત્યારે સુખ થાય પણ રહેવાય નહીં. એમ ભગવાનના ભક્તને પણ કથા, વાર્તા, કિર્તન, ધ્યાન એ વિના રહેવાય નહીં, સહેજે સહેજે થાય, માટે આપણે પણ એવું ભગવાનની કથા, વાર્તા, કિર્તનનું વ્યસન કરવું. મહારાજ કહે હે પરમહંસો! શાંતિ અને સુખ તો એક મહારાજના ચરણારવિંદમાં છે; બીજે ક્યાંય શાંતિ, સુખ નથી. માટે સુખના સાગર આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. મહારાજના મુક્ત મળ્યા છે. આપણા બાપાશ્રી હતા. એ પણ એ જ વાત કરતા. બાપા કહે અમને બીજું કાંઈ આવડતું નથી. એક મૂર્તિનો જ વેપાર આવડે છે. મૂર્તિ બધાને આપી છે. જેના ઉપર અમારી કૃપાદષ્ટિ થાય એને મૂર્તિનાં સુખે સુખિયા કરી દઈએ છીએ. બાપાના સમાગમમાં કેટલાય સંતો મોટા મોટા આવતાં. કેટલાય હરિભક્તો આવતાં, એમાં કેટલાયને સુખિયા કરી દીધા લો.
- અમારા પાટડી ગામમાં નાગજીભાઈ હતાં. પહેલા સત્સંગી સારા હતાં. પણ સાધારણ પછી બાપાનો યોગ થયો અને બહુ જ મહિમા સમજીને હેત થયું. એ અખંડ મહારાજની મૂર્તિ દેખતાં આખી રાત ધ્યાનમાં બેસતાં. મુળીમાં બાલકૃષ્ણસ્વામી, સંતદાસજી, ભક્તિપ્રિયસ્વામી આદિ બધાય બળદિયા બાપા પાસે આવતાં, પણ બાપાનાં સમાગમથી અખંડ આખી રાત ધ્યાન કરે, એવા થઈ ગયા લો. સંતદાસજી આખી રાત બેઠા હોય. બોલે નહિ. અખંડ ધ્યાન કર્યા કરે. એવાં થઈ ગયા. અને બાલકૃષ્ણસ્વામી હતા તે તો નાનપણથી જ મુક્ત હતા અને બાપાનો સમાગમ કરતા.
- એક વખત એ બાલકૃષ્ણ સ્વામી મુળીમાં સુખશય્યામાં સેવા કરતા હતા. મોટા શિખરમાં શ્રીજીને સુવાની શય્યા હોય તે સેવામાં રહ્યા હતાં. સવારમાં નાહીને પૂજા કરીને મંદિરમાં સેવા કરવા ગયા. તાળાં વાસેલાં હોય, તાળાં ખોલીને શય્યામાં દીવો કર્યો. શય્યામાં ઢોલિયો હોય. ગાદલું પાથરેલું હોય ત્યાં મહારાજ પોતે લાંબા થઈને સૂતેલા. મનુષ્ય જેવા, સ્વામી તો જોઈને સ્થિર થઈ ગયા. હાથ જોડીને મહારાજ સામું ઉભા રહી ગયા. ઘડીક થયું ત્યાં મહારાજે પડખું ફેરવ્યું. ઠંડી હતી તે રજાઈ ઓઢી હતી. તે રજાઈ ખસી પડી. પછી સ્વામી રજાઈ લઈને મહારાજને ઓઢાડવા ગયા, ત્યાં મહારાજ જાગી ગયા ને બેઠા થયા. વાહે તકિયો મેલ્યો. મહારાજ તો તકિયે ઓઠિંગણ દઈને આમ બેઠા. પછી સ્વામી હાથ જોડીને મહારાજને પૂછે છે : મહારાજ ! આમ નિત્ય તમે પોઢો છો? મહારાજે કહ્યું : અમને પોઢવા સારુ આ શય્યા કરેલી છે; અમે કેમ ન પોઢીએ? નિત્ય પોઢીએ છીએ.
- સ્વામી કહે મહારાજ ! તમે રહો છો ક્યાં? ત્યારે મહારાજની મૂર્તિ સામે હતી. તે મૂર્તિ સામે હાથ કર્યો. મહારાજ કહે આ મૂર્તિમાં રહીએ છીએ. અને બધી મૂર્તિમાં અમે રહીએ છીએ. જ્યાં જ્યાં મૂર્તિ છે ત્યાં બધે રહીએ છીએ. વળી કચ્છમાં અમારા અનાદિમુક્ત છે એમાં રહીને અનેક જીવના મોક્ષ કરીએ છીએ. અને મહારાજ કહે એ અમારા મુક્ત છે એ અમારો સર્વોપરી મહિમા સમજાવે છે. એને અમે જીવના મોક્ષ કરવા સારુ મોકલ્યા છે. એમાં રહીને જીવના મોક્ષ કરીએ છીએ. એમ મહારાજ કહીને સામી મૂર્તિમાં અંતર્ધાન થઈ ગયા.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- આપણને તો બાપાશ્રીએ કૃપા કરી મુક્ત કર્યા છે. મૂર્તિમાં રહેલા મુક્તને ઓળખાવ્યા છે. જેમ શ્રીજીમહારાજ સદાય દિવ્ય સાકાર છે તેમ મહામુક્તો પણ તેવા જ દિવ્ય સાકાર છે.
- દિન પ્રતિદિન સત્સંગનો ચડતો રંગ રાખવો. શ્રીજીમહારાજે અક્ષરધામમાંથી આ લોકમાં પોતાની દિવ્યસભાએ સહિત દર્શન આપ્યાં, અને એ સભા મૂર્તિ સાથે જ છે. અક્ષરધામમાં મુક્તોની સભા તેજોમય ફરતી બેઠી છે, મૂર્તિમાં પણ રસબસભાવે અનંત મુક્ત છે. મૂર્તિ આકારે આકાર, દિવ્ય તનુએ સદા દિવ્ય સાકાર અનાદિ મુક્તો છે. તેવી સમજણ તે અનાદિની સ્થિતિની છે. પરમ એકાંતિકને દિવ્ય સાકારપણે સન્મુખ દર્શન છે, તે પણ મૂર્તિ આકારે મુક્તો છે.
- આપણે તો શ્રીજીમહારાજને જ્યાં ને ત્યાં ધારવા. મૂર્તિ ભુલાય નહિ એવો આગ્રહ રાખવો. એક વૃત્તિએ વ્યવહારિક કામકાજ કરવું, પણ બીજી વૃત્તિ તો મૂર્તિમાં જ રહે તેવો ખટકો રાખવો.



જેને ભગવાનનાં સ્વરૂપની ઉપાસનાનું દ્રઢ બળ હોય અને અતિશે ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનને પ્રતાપે કરીને નિષ્કામી થાય છે.

## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા



- બાપાએ આશીર્વાદ આપ્યા જાવ તમારો છેલ્લો જન્મ, તમને મૂર્તિમાં રાખ્યા. જો વિશ્વાસ હોય તો મોટાના વચન સાચા થાય. કોઈક હૂંડી લખે કે આ પૈસા આટલા છે. એમ હૂંડી મેલે. તો હૂંડીમાં પૈસા તો દેખાતા નથી. તો એને શું કે આમાં તો કાંઈ નથી ને પૈસાનું કહે છે. પણ મેલ્યુ ક્યાં કને છે? એમ મહારાજે અટાણે ચેક વટાવી દીધો. આપણને મૂર્તિમાં રાખવાનો ચેક વટાવી દીધો છે. પણ ટાણું આવશે ને ત્યારે આ સોંપી દેશે. અટાણે જીવ પાત્ર નથી. એટલે જીરવી શકશે નહી. જ્યારે ટેઈમ આવશે ને ત્યારે બધેયથી નિર્વાસનિક કરી ને પોતાના સુખમાં રાખી દેશે. આપણે જાણપણું રાખવું. જાણપણા રુપી દરવાજે રહેવું. હું ને મારુ... કામ, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા, કપટ, દગા ઈ બધાંય કાઢી નાખવા. ઈ ચોર છે તે બધાંયનો મોક્ષનો મારગ બગાડે એવા છે. તો આપણે દાસપણું રાખવું. દાસપણું તો રહે, મહિમા સમજાય તો ભગવાન કેવડા મોટા છે. મોટા દેવતા ઝંખના કરે છે તોય દર્શન નથી. તે આપણાં ભેળા ફરે છે. કાળ, કર્મથી આપણી રક્ષા કરે છે. અને જાવ તમને મૂર્તિમાં રાખ્યા. મહારાજે સમ ખાઈ ખાઈને કહે છે, આ સભા અક્ષરધામની છે, આ સભામાં પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે. આ સભા કઈ? કે જ્યાં ભગવાન હોય ત્યાં દિવ્ય સભા હોય. તે ભગવાન આપના ભેળા છે. આપને એના ભેળા છીએ. અક્ષરધામની સભા ઈ આપણી ભેળી છે. આપણે ઈ સભામાં બેઠાં છીએ. આવું જાણપણું રાખવું. ખરું કરવાનું ઈ છે.
- ભગવાનની નવધા ભક્તિ, નવધા ભક્તિ મહાત્મ્ય સહિત ભક્તિ આવે તો પંચ વિષયના વિકાર માત્ર ટળી જાય. જ્યાં સુધી ભગવાનનું મહાત્મ્ય ન સમજાય ત્યાં સુધી સંકલ્પ વિકલ્પ મટતા નથી. મહાત્મ્ય સમજાય તો સંકલ્પ ઉઠે જ નહી. પંચ વિષયમાંથી અરુચિ કરી નાંખવી. અરુચિ થાવાનો ઉપાય શું? મોટા પુરુષને વિષે હેત અને આત્મબુદ્ધિ. જેમ દેહને દેહના સંબંધીને વિષે હેત છે, આત્મબુદ્ધિ છે, તેવી મહારાજને મોટાને વિષે આત્મબુદ્ધિ કરો તો પંચ વિષયના રાગ માત્ર ટળી જાય. પણ તે વિના ગમે તેટલો તપ કરે, જપ કરે, પણ ટળતા નથી. એ એષણા ટળતી નથી. તેમ નવધા ભક્તિ એટલે ભગવાનની મહાત્મ્ય સહિત ભક્તિ, મહાત્મ્ય સહિતની ભક્તિ, મહિમા સમજાય ત્યારે પંચ વિષયના રાગ માત્રમાં એની મેળે અરુચિ થઈ જાય. પંચ વિષયના રાગમાંથી અરુચિ જયારે થાય ત્યારે ભગવાનમાં હેત થાય. ભગવાનના સત્પુરુષ સાથે હેત થાય. એના વચનમાં ખબરદાર થઈને વર્તે. એના વચનમાં વર્તી અને ભગવાનની પ્રસન્નતાને અર્થે સાધન કરે. માન ખાતર નહી. મન વખાણે કે માન દે. મહારાજ કેમ રાજી થાય? મોટા કેમ રાજી થાય? પ્રસન્નતાને અર્થે પોતે સાધન કરે. તો મહારાજ રાજી થઈ એના વિકાર માત્ર ટાળી નાખે.

## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા



- શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ આપણને આશીર્વાદ આપ્યા કે તમને મૂર્તિમાં રાખ્યા છે. બેંકમાં પૈસા પડ્યા હોય, પણ જ્યારે આપણને મળે ત્યારે સુખ આવેને ! એમ આપણો ચૈતન્ય છે તેને ભગવાને પોતાના સુખમાં રાખ્યો છે, પણ બાધિતાનુવૃત્તિ એટલે હજી પાત્રતા નથી. એટલે આપણને સુખનો અનુભવ થતો નથી. જેમ બેંકના પૈસા હાથમાં આવે તો તેનો ઉપયોગ થઈને આનંદ આવેને, તેમ આપણા ચૈતન્યને હજી સુખનો અનુભવ થતો નથી, પણ આપણને રાખ્યા છે ખરા. એ પાત્રતા થાય ત્યારે સુખનો અનુભવ થવા માંડે બસ. પછી આવરણ હટી જવા જોઈએ. ત્યારે આવરણ સહિત ભગવાને પકડીને પોતાના સુખમાં રાખ્યા છે. એટલે આપણને નિર્ભય કરી દીધા કે હવે તમે ચિંતા ન કરશો. એટલે ભગવાનને એમ કહે કે મહારાજ, આ ક્યારે થાય? ત્યારે મહારાજ કહે કે અંતકાળે તો જરૂર એ સુખનો અનુભવ કરાવશું. એ પહેલા જો પાત્ર થશો તો એ પહેલા પણ કરાવશું. પણ પાત્ર નહિ થાઓ ત્યાં સુધી આ દેહના સુખ-દુઃખ છે તે અમારી ઈચ્છાથી તમારે ભોગવવાના રહેશે. પણ અંતકાળે અમે બધું પૂરું કરી નાંખશું. માફ કરી દેશું. કારણ કે તમે અમારા શરણે આવ્યા છો. માટે તમારું બધું સમાપ્ત કરીને આવરણ હટાવી દેશું અને આવરણ હટી જશે એટલે સુખનો અનુભવ થશે.
- આપણો જે ચૈતન્ય છે તે આવરણોથી ઘેરાયેલો છે, છતાં પણ ભગવાને પોતાની પાસે આકર્ષણ કરીને પોતાના સુખમાં રાખ્યો છે. એ કૃપાળુ છે, હવે કૃપા એ જબરજસ્ત વાત છે. માટે ચૈતન્યને આકર્ષણ કરીને પોતે રાખે છે. એ ચૈતન્ય સુખમાં છે, પણ એ શ્રદ્ધા બરોબર રાખવાની. એ શ્રદ્ધા એવી રાખવાની કે આપણને ભગવાને સુખમાં રાખ્યા છે. એ મનન સતત રહેવું જોઈએ, પણ એમ થાય કે હું હોઈશ કે નહિ? એ સંશય થયો તો 'સંશય આત્મા વિનશ્યતિ' એમ લખ્યું છે ને ગીતામાં? સંશય નહિ થવો જોઈએ. ભગવાને આશીર્વાદ આપીને સુખમાં રાખ્યા પછી વિચાર કરીએ કે રાખ્યા હશે કે નહિ? તો માણસ જેટલોય વિશ્વાસ ન કર્યો. એમાં તો એવું થયુંને, બીજું શું થયું? હા, પણ એવું ન થવું જોઈએ ને ! માણસમાં વિશ્વાસ રાખીએ છીએ. કોઈક સારો માણસ હોય એકદમ. આપણા પરિચયમાં આવ્યો હોય, આપણને એમ લાગે કે આહા ! સો ટકા સોના જેવું પ્રામાણિકપણું છે. તો વિશ્વાસ રાખીએ છીએ કે નહિ? તો ભગવાનમાં કેમ ન રાખીએ? એ કંઈક બોલે તો કરીએ. આપણે કોઈકને કહીએ કે હું આમ કરીશ તો આપણે કરીએ છીએને ! વિશ્વાસ થઈ જાય છે. તો પરમાત્મામાં વિશ્વાસ કેમ ન રાખીએ? એમ કહે છે કે પોતે સુખમાં રાખ્યા છે. તેથી એમ માનવું, નિશ્ચય રાખવો બરોબર !



ભગવાનનાં ભક્તને ભગવાન વિના બીજી કોઈ જાતની કામના રહે એ મોટી ખોટ છે.

# વિશિષ્ટાદ્વૈત

(શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિંદ્ધાતસગર - શા.શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી રચીત)

ગતાંકથી ચાલુ.....

## પરબ્રહ્મ નિરૂપણ

હવે અર્ચાવતારનું સ્વરૂપ નિરૂપણ કરાય છે. અર્ચા, પ્રતિકૃતિ, પ્રતિમા અને મૂર્તિ એ એક બીજાના અપર પર્યાય છે. તે અર્ચાનું સ્વરૂપ યજુર્વેદના સાડત્રીસમાં અધ્યાયના આઠમાં મંત્રમાં કહ્યું છે. ‘‘વેદના પાળક મહા નારાયણ અમને સન્મુખ પ્રાપ્ત થાઓ અને સત્યરૂપ એવાં દેવી મહાલક્ષ્મી તે અમને સન્મુખ પ્રાપ્ત થાઓ. અને દેવો (મુક્તો) તે અમને ઈંદ્રિય પંક્તિથી સમૃદ્ધિ યુક્ત એવાને નર જે પરમેશ્વર તેની મૂર્તિરૂપ એવા યજ્ઞ પુરુષ પરમાત્માને પમાડો.’’ તે પ્રતિમા આઠ પ્રકારની છે, તે ભા.સ્કં. ૧૧. અ. ૨૭માં કહ્યું છે. ‘‘શીલા (પત્થરની) કાષ્ટ લોહ, લેપ્યા (છાપની) લેખ્યા (ચીત્રની) સૈકતી (મૃત્તિકાની) મનોમયી, મણીમયી (શાલગ્રામાદિક) આ આઠ પ્રકારની પ્રતિમા કહેલી છે. તેમાં દેશકાળને અનુસારે પોતાના અનન્ય ભક્તોએ માનેલ, સુવર્ણ, રૂપું આદિક ધાતુ, દારુ જે કાષ્ટ, તથા પાષાણાદિકના વિકારરૂપ, શીલ્પ શાસ્ત્રને જાણનારાઓમાં વિચક્ષણ પુરુષોએ રચેલી તે પ્રતિમામાં યથાશાસ્ત્ર પ્રમાણે વેદ શાસ્ત્રને જાણનારા અને પ્રતિષ્ઠા વિધિમાં કુશળ એવા બ્રાહ્મણોએ વેદશાસ્ત્રના મંત્રો વડે શિખર બધ મંદિરોમાં તથા હરિમંદિરોમાં સ્થાપન કરેલ, તથા પ્રત્યક્ષ પરમાત્માએ અથવા તે પરમાત્માના સત્પુરુષોએ પોતાના હસ્તથી સ્થાપન કરેલ એવા પરમાત્મા તે પ્રતિમારૂપે પ્રત્યક્ષપણે વર્તતા સતા પોતાના પ્રેમી ભક્તજનોએ ચંદન, પુષ્પ, ધુપ, દીપ, અન્ન, વસ્ત્ર, ફળાદિ વડે મન, કર્મ, વચને શ્રદ્ધાથી કરેલી પોતાની સેવાને અંગીકાર કરતા થકા તે તે ભક્તની ભાવનાને અનુકુળ તે તે ભક્તના મનોરથોને પૂર્ણ કરતા થકા, કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ, સહજાનંદ નીલકંઠ વર્ણિંદ્ર નારાયણ મુનિ, પુરુષોત્તમ, ઘનશ્યામ મહારાજ, સ્વામિનારાયણ આદિક નામથી જણાતા, શ્રીનગર, વૃત્તાલય, છુપૈયાપુર, ગઢપુર, ભુજનગર, જુનાગઢ, ધોળકા, ધોળેરાબંદર, નારાયણ ક્ષેત્ર (જેતલપુર) વટપત્તન (વડોદરા) આદિકમાં મૂર્તિરૂપે પ્રત્યક્ષપણે વર્તતા થકા પોતાની સેવા દર્શનાદિકને કરતા હજારો જનોને આ લોક તથા પરલોકના મોક્ષાદિ સુખને આપે છે. હવે શંકાવાદી શંકા કરે છે કે પ્રતિમા તો ઘણે કાળે મોક્ષ કરે છે, અને સત્પુરુષો તો તત્કાળ મોક્ષ કરે છે. તે ભા. સ્કં. ૧. અ. ૪૮માં કહ્યું છે. ‘‘જળમય આદિક તીર્થો અને મૃત્તિકા પાષાણમયાદિક દેવો તે ઘણે કાળે કરીને કલ્યાણ કરે છે, અને સત્પુરુષો તો દર્શનથી જ પવિત્ર કરે છે. વળી વૃત્તાલય પ્રકરણના ૧૦મામાં કહ્યું છે. ‘‘ માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેણે તે લક્ષણે કરીને તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થાવું. અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જયારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનના મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ એ જીવનું કલ્યાણ થાય છે. અને જયારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવીને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.’’ એ પ્રકારે ભાગવત તથા શ્રીજી વચનથી પ્રતિપાદન કરેલું છે. માટે પ્રતિમા થકી સત્પુરુષોનું જીવનો મોક્ષ કરવામાં વિશેષપણું જણાય છે. માટે ભગવાન જયારે પ્રત્યક્ષ ન હોય. ત્યારે પોતાના કલ્યાણ માટે તે સત્પુરુષોની ઉપાસના કરવી. પણ પ્રતિમાની ન કરવી, એવી શંકા કરવી

નહિ. કારણ કે પ્રતિમા તો પોતે જ પરમાત્મા છે, અને સત્પુરુષો તો તે પરમાત્માની ઉપાસના વડે સામર્થ્યને પામેલા છે. પ્રતિમા કરતાં સત્પુરુષોનું અધિક પ્રતિપાદન કરનારૂં જે વાક્ય છે, તે તો સર્વજનોને ઉપદેશ કરવાપણે કરીને અને પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન આપવા પણે કરીને છે. સત્પુરુષોના ઉપદેશ દ્વારે પણ જીવનો મોક્ષ કરવાપણું તો પરમાત્મામાં ને તેમની પ્રતિમામાં જ છે. પણ સત્પુરુષોમાં મોક્ષ કરવાપણું નથી. કારણ કે તે તો અકર્તા છે, માટે સ્વતંત્રપણે સત્પુરુષોની ઉપાસના કરવી નહિ. કેમકે આ (સત્પુરુષો) તે ભગવાનના મુક્ત છે, અથવા આશ્રીત છે એમ જાણીને તે સત્પુરુષોને સેવવા પણ તેમનું ધ્યાન કરવું નહિ. તે શિક્ષાપત્રી શ્લોક ૧૧૫માં કહ્યું છે. ''ભગવાન તથા તેમના અવતાર તથા તેમની પ્રતિમાઓ તે ધ્યાન કરવા યોગ્ય છે, પણ મનુષ્ય અને દેવાદિક જીવો તે ધ્યાન કરવા યોગ્ય નથી, પરમાત્માના સ્વરૂપને જાણનાર એવા ભક્તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી.'' તેમજ તે ભગવાનની પ્રતિમા પૂજવી એમ શિક્ષાપત્રી શ્લોક ૫૬માં કહ્યું છે.

''તે અમારા આત્મનિવેદી ભક્તોએ યથાયોગ્ય પ્રાપ્ત થયેલાં ચંદનાદિક વસ્તુઓ વડે ધાતુ પાષાણાદિકમય મૂર્તિ તથા શાલીગ્રામ તે પૂજવા તથા તે ભગવાનના અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો.'' તેજ પ્રકારે પ્રતિમા સાક્ષાત્ ભગવાન છે. એમ જાણીને પ્રતિમાની સેવા કરવી, એમ પ્ર. ૪૮માં કહ્યું છે. ''પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગદમાં લખાવી દેશું તે પૂજજ્યો અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે, માટે ચિત્ર મૂર્તિ પણ અતિ પ્રમાણ છે અને અમારી આજ્ઞા પણ છે, માટે હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રીનરનારાયણની પૂજા કરવી.'' તથા પ્ર. ૬૮મામાં કહ્યું છે. ''પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ઓગણતેરા કાળમાં ભાસતુ જે, અમે પુરુષોત્તમ પુરીને વિષે જઈને શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છૈએ ને તે મૂર્તિ તો કાષ્ટની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વેને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વે દેખતા માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને બિરાજમાન રહે છે, તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય, ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન બિરાજતા હોય ને તેની મર્યાદા રાખે, તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ, અને તેમજ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ તેતો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી. અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે. અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'' એવી રીતે પ્રત્યક્ષ ભગવાન અથવા તે ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ ન હોય તો તે ભગવાનની પ્રતિમા તેમને વિષે દિવ્યભાવ રાખીને એટલે અક્ષર ધામમાં તેજોમય જે દિવ્ય મૂર્તિ છે તે મૂર્તિમાં અને મનુષ્યરૂપે પૃથ્વી ઉપર વિચરતી જે મૂર્તિ અથવા પ્રતિમા તેમાં એક રોમ માત્રનો પણ ફેર નથી એમ જાણીને સેવન કરે તો મૂર્તિ જ કલ્યાણકારી છે, અને સત્પુરૂષો તો તે મૂર્તિના પ્રતાપથી મહિમાપૂર્વક જ્ઞાન આપનાર છે આ શ્રીજીનો સિદ્ધાંત છે, આ પ્રકારે અર્ચાનો અર્થ જાણવો.


અમારી પ્રતિમાને સાક્ષાત ભગવાન જાણીને ન પુજે ને અમારી તથા સંતની મર્યાદા ન રાખે તેને અમારો નિશ્ચય નથી.

# અનાદિમુક્ત શ્રી જાદવજીબાપાના સંભારણા

લેખન અને રજુઆત, શ્રી મહેશભાઈ ભોજાણી-રાજકોટ

બાપાશ્રીની વાતો ભાગ-૧ વાર્તા ૨૪૮. ઘાંટીલા ગામના વિઠ્ઠલજીભાઈ વૃષપુર આવીને બાપાશ્રીને જય સ્વામિનારાયણ કહે છે ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ઘાંટીલાના હરિભક્તો સર્વે સુખી છે. એ બહુ સારા છે ને વિશ્વાસીને નિર્મળ છે ને અમો ઘણા રાજી થયા છીએ ને એમણે બહુ લાવ લીધો છે તે એવા ને એવા છે કે?''

ત્યારે વિઠ્ઠલજીભાઈએ કહ્યું જે, ''બાપા, આપે 'તળાવમાં પાણી થશે' એ વર આપ્યો ને તરત જ તળાવમાં પાણી આવ્યું તેવો પરચો દીધો છે ને વર્ષ પણ સારું પાક્યું છે તેથી આપનો ઘણો મહિમા સર્વે જાણે છે. અને સર્વ હરિજનોનો આગ્રહ બહુ જ છે જે બાપાશ્રી ફરી એકવાર ઘાંટીલા પધારે તો સર્વે હરિજનોને આપના દર્શન થાય ને અસંખ્ય જીવનું કલ્યાણ થાય ને આપને પાલખીએ બેસારી ગામમાં બધે ફેરવશુ અને મંદિર ફરીથી કર્યું છે તે પ્રસાદીનું કરવા પધારો.'' એમ પ્રાર્થના કરી.

ઉપરોક્ત વાતમાં વિઠ્ઠલજીભાઈનું નામ આવ્યું તે અમારા ગઢિયા પરિવારના વડિલ હતા અને મારા (નરેશ ગઢિયાના) દાદા પૂ.શ્રી કાનજીભાઈ તે આ વિઠ્ઠલજીભાઈના ભત્રીજા થતા હતા.

બાપાશ્રી ઘાંટીલા પધાર્યા અને હરિભક્તોની પ્રાર્થના સ્વીકારી બીજે દિવસે વ્હેલી સવારે સંત-હરિભક્તો સાથે ઘેર-ઘેર દર્શન આપવા અને પધરામણી કરવા નીકળ્યા હતા. ત્યારે મારા દાદા કાનજીભાઈ માત્ર ૧૩ તેર વાસાના (દિવસના) હતા. બાપા અમારી શેરીમાં અમારા ઘર પાસે પધાર્યા ત્યારે કોઈએ કહ્યું કે ધરમશી ભગતના ઘેર પધરામણી એ જવાય નહીં કારણ કે દિકરો કાનજી માત્ર ૧૩ તેર વાસાનો છે તેથી સુતક લાગે. પરંતુ સંતોએ જણાવ્યું કે, ''અબજીબાપાશ્રી તો દિવ્ય અનાદિ મુક્ત છે તેને આલોકની રીતિ સ્પર્શી શકે નહીં. તેમને સૂતક લાગે જ નહીં. માટે ધરમશી ભગતને ત્યાં પધરામણીએ જવું જ જોઈએ. આવી સદ્‌ગુરુની આગ્રહભરી વાત કોઈ ટાળી શક્યા નહીં અને અમારે ઘેર બાપાશ્રી પધાર્યા અને એટલું જ નહીં પરંતુ ઘોડિયામાં સૂતેલા મારા દાદા કાનજીભાઈના એ વખતના બાળ સ્વરૂપને બાપાશ્રીએ ખોળામાં લીધું. પોતાના દિવ્ય કપોળમાં રહેલ ચાંલ્લાના કંકુવાળો પોતાનો અંગૂઠો કરી એ હાથના દિવ્ય અંગૂઠાથી મારા દાદાના કપાળમાં ચાંલ્લો કરી રાજી થઈ આશીર્વાદ આપેલા કે, આ કાનજી મોટો થઈ બહુ સારો ભગત થશે અને મહારાજની મૂર્તિ સાથે રમણ કરશે.''

તો આવા પ્રાસાદિક ગઢિયા પરિવારમાં મારો જન્મ થયેલો તેથી દાદાનો આધ્યાત્મિક વારસો મને નાનપણથી જ મળેલો. મારું આધ્યાત્મિક ઘડતર મારા દાદા તથા માતા-પિતાની છત્રછાયામાં થયેલું. તેથી આ લોકના રજોગુણી ફેણફતુર અને વ્યસનોથી સ્હેજે જ દૂર રહેવાયું હતું. મારો B.Sc B.Ed.નો અભ્યાસ પૂર્ણ થયો અને રાજકોટ મુકામે ''શ્રી વિવેકાનંદ

વિદ્યાલય''માં માધ્યમિક વિભાગમાં મને શિક્ષક તરીકેની નોકરી મળી ગઈ. આ લોકની રીતિ મુજબ ૧૯૯૭માં મારા લગ્ન હળવદ મુકામે અગોલા પરિવારની દિકરી સાથે થયા અને તે પરિવાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી દૂર રહેવા વાળો પરિવાર હતો. નીતિ અને સદાચાર વારસામાં ખરા પરંતુ ગાળવા-ચાળવાની ખબર નહીં. ઉપાસનાની તો વાત જ ક્યાં રહી! પણ દેવ-ઈશ્વર-ભગવાનની વ્યાખ્યાની ખબર જ નહીં. એટલે મારા પાત્રને મારે પ્રાથમિક ટ્રેનીંગ જ આપવાની રહી. આજના યુવાનો લગ્નપછી વિવિધ સ્થળોએ ફરવા નીકળી પડે પરંતુ અમારા પરિવારના સંસ્કાર જૂદા એટલે મેં વૃષપુરધામે લઈ જવાનું આયોજન કર્યું. છત્રીધામે થોડું રોકાવાનો સંકલ્પ પણ ખરો જ. અમો એક દિવસ ભૂજ મંદિરે રોકાયા બીજે દિવસે સવારે વૃષપુર આવી ગયા. મહારાજ-બાપાની મૂર્તિ સામે ઉભા રહી હૃદયપૂર્વક મહારાજને મનોમન ખૂબ જ પ્રાર્થના કરી કે, ''હે મહારાજ ! હે બાપા ! આમના જીવમાં સત્સંગ પ્રગટે એવી કૃપા કરજો.'' દર્શન કરી અમો અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપાને ઘેર દર્શન કરવા તથા આશીર્વાદ લેવા ગયા. રસ્તામાં સંપ્રદાયની રીતિ-રીવાજની તથા અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપાની દિવ્યતાની વાતો કરેલી. જાદવજીબાપાને ઘેર અમો ગયા. ત્યારે બાપા ઢોલીયે બીરાજેલા હતા. મેં જઈ દંડવત્ પ્રણામ કર્યા. તેમણે દુર બેસી જય સ્વામિનારાયણ કર્યા. મેં જાદવજીબાપાની ચરણ રજ લીધી. બાપાએ માથે હાથ મૂક્યા. જીવમાં ટાઢું થયું. બાપાના ચરણ પાસે જ બેસી ગયો. બાપાએ થોડીવાર મહારાજની વાત કરી. થોડી ધર્મ-નિયમની વાત કરી મને પૂછ્યું કે, ''મનમાં શું સંકલ્પ ચાલે છે?'' મેં કહ્યું, ''બાપા ! આ મારા ઘરના છે તે સત્સંગીના દિકરી નથી તેથી ઘરમાં તાલ-મેળ કેમ રહેશે એમ થાય છે. વળી દરરોજ સવારમાં એક વાટકો ભરીને ચા પીવા જોઈએ છે. તેને સત્સંગ કેમ થાય અને ક્યારે થાય?'' ત્યારે બાપા કૃપા કરીને બોલ્યા કે એ સત્સંગી નથી પણ તું તો સત્સંગી છે ને ! એટલે એ પણ હવે સત્સંગી જ કહેવાય. આપણા પરિવારમાં આવ્યા એટલે ખૂબ સારા સત્સંગી થઈ જશે. અને ચા એની મેળે પીવાનું બંધ કરી દેશે. આટલું કહી બાપાએ પાણી છાંટી વર્તમાન ધરાવ્યા અને રાજીપો દર્શાવ્યો.

અમો વૃષપુરથી ઘેર આવ્યા પછી મેં અનુભવ્યું કે બાપાના આશીર્વાદ મૂર્તિમાન થયા છે. ધીરે ધીરે તેણે ચા છોડી દીધી. સત્સંગના નિયમોનું પાલન શરૂ થયું. ધીરે ધીરે જ્ઞાન મેળવવાની ભૂખ જાગી. કથા-વાર્તાનું અંગ કેળવાયું. મંદિર જવામાં રુચિ વધી. સત્સંગનું હાર્દ આત્માનું આત્યંતિક કલ્યાણ છે એવી દૃઢ પ્રતીતિ થઈ અને હવે તો કારણ સત્સંગમાં ઓતપ્રોત પણ થયા. એક જ રથના બે પૈડાં હવે સમાન બન્યા. લોકો કહે છે કે રણમાં ગુલાબ ખીલે નહીં પરંતુ સિધ્ધ અનાદિ મુક્તો એક ક્ષણમાં જીવનો પલટો કરી નાખી જીવને મુક્ત પંક્તિમાં ભેળવી દે છે એ દાખલો અમારા જીવનમાં જ મેં અનુભવ્યો.

આવા મહાન ઉપકારક અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપાને કોટી કોટી વંદન હજો.

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

# આધ્યાત્મિક જ્ઞાન

ગતાંકથી ચાલુ.....

૨૨૮ જેના હ્રદયમાં ભગવાન નિવાસ કરે એ કઈ સ્થિતિ કહેવાય ? બાપાશ્રી કહે જે એ એકાંતિકની સ્થિતિ કહેવાય. એનો દેહ માયાનો છે ત્યાં સુધી તે એકાંતિક કહેવાય. જ્યારે દેહનો વિયોગ થાય ત્યારે તે પરમએકાંતિક કહેવાય. જેમ સિંહનુ દૂધ સુવર્ણના પાત્રમાં જ રહે પણ ઠીકરા આદિકના વાસણમાં ન રહે તેમ પાત્ર થાય ત્યારે શ્રીજીમહારાજ સાક્ષાત નિવાસ કરે, પણ તે પહેલા ન કરે. ભગવાન પાત્રની તારતમ્યતાએ તો સર્વેમાં રહે છે.

૨૨૯ સુખ આવે કે દુઃખ આવે તોપણ કોઈનો અવગુણ આવવા દેવો નહિ. મૂર્તિમાંથી નોખું પડવું નહિ. કલેવરને ગમે તેમ થાય તોપણ મૂર્તિમાં જોડાઈ રહેવું. એવી સ્થિતિવાળા આજ સત્સંગમાં છે.

૨૩૦ પાપ - પૂણ્ય :: પ્રભુને ન ગમે એવું વર્તન એનું નામ પાપ અને ગમે તેવું વર્તન કરીએ તે પૂણ્ય. કોઈનો તિરસ્કાર કરીએ, અપમાન કરીએ, કોઈની વસ્તુ ચોરી કરીએ, કાયદા- કાનૂનનું પાલન ન કરીએ; એ બધું ભગવાનને ન ગમે. એટલે પાપ કહેવાય.

૨૩૧ પ્રભુને રાખવા એટલે કે સંપૂર્ણ સત્ય ને પ્રેમથી વર્તવું તે. પરમાત્માનું સ્વરૂપ એ સંપૂર્ણ સત્ય ને પ્રેમ સ્વરૂપ છે. પ્રભુ અંતર્યામી છે. મનમાં ખોટો સંકલ્પ કરીએ, ખોટો વિચાર કરીએ, કોઈનું ખોટું થાય એવું વિચારીએ, પોતાના સ્વાર્થ ખાતર બીજાનું જરાકે ય બગાડીએ, આડંબર કરીએ, એ બધું પ્રભુ જાણે છે. એમ જો બરાબર વિચાર કરીએ તો આપણાથી કદીયે ખોટું નહિ થાય. બધા હોય ત્યારે કોઈ ચોરી કરે ? ન કરે. બધા અંધારામાં હોય ત્યારે એ ચોરી કરીને ચાલ્યો જાય. ત્યારે ભગવાન સદાય હાજર છે. એની હાજરી અખંડ છે એવું સમજાય તો કોઈપણ કાર્ય ખોટું ન થાય. અપ્રમાણિકતા, કોઈના વિષે અદેખાઈ કે ઈર્ષ્યા પણ ન થાય. આનું નામ પ્રભુનો સંબંધ કહેવાય, પ્રભુને રાખ્યા કહેવાય. પ્રભુનું રૂપ ધાર્યા કરીએ અને પ્રભુના એકેય ગુણ આવે નહિ તો એ ભક્તિની ફળશ્રુતિ શું ? આત્માનું કલ્યાણ તો ત્યારે જ થાય કે જ્યારે પરમાત્માનું ભજન કરતા કરતા તેમના કલ્યાણકારી ગુણો આપણા જીવનમાં ઊતરે. તો ભક્તિ સાચી.

૨૩૨ ચાર પ્રકારના પ્રલય : (૧) નિત્ય પ્રલય - જીવની સુષુપ્તિ. જીવની ઉપાધિ લીન થાય છે. (૨) નિમિત્ત પ્રલય - બ્રહ્માની સુષુપ્તિ, ઈશ્વરની ઉપાધિ લીન થાય છે. (૩) પ્રાકૃત પ્રલય - પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં લીન થાય છે, પુરુષની ઉપાધિ સર્વે લીન થઇ જાય છે. (૪) આત્યંતિક પ્રલય - જ્ઞાન પ્રલય. પ્રકૃતિ સાથે બધું બ્રહ્મમાં લીન થઇ જાય છે. અત્યંતિક પ્રલય જે જ્ઞાન તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તે પાછી કોઈ કાળે વળગતી નથી. પછી એ દેહ ધારે તે ભગવાનૂ જેમ સ્વતંત્ર થકો જીવના કલ્યાણ કરવાને અર્થે દેહ ધરે છે, પણ કાળ, કર્મ ને માયાને આધિન થકો દેહને નથી ધરતો.(અ.૨).

૨૩૩ શુધ્ધ સત્વમય વર્તવું કોને કહેવાય ? શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મ તે રૂપ (બ્રહ્મરૂપ) થઈને શ્રીજીમહારાજને ભજવું તેને શુધ્ધ સત્વમય વર્ત્યું કહેવાય.(અ.૨). અહીં સત્વ શબ્દ શક્તિવાચક છે, શ્રીજીમહારાજની શક્તિ જે બ્રહ્મ તે.

ક્રમશઃ

# "બાપાશ્રી" નારાયણમામાની નજરે

શોધન : શ્રી જયેશભાઈ ગોહિલ- સુરત

નારાયણમામા કહે છે, બાપાશ્રીના સાર્ધ શતાબ્દી મહોત્સવ વખતે મહારાજે આશીર્વાદ આપ્યા કે અહીં જે ઉપસ્થિત થયા છે એ બધાને હું અક્ષરધામમાં લઈ જઈશ. કેટલું બધુ કૃપા સાધ્યપણું ! થયુ કે નહિ ? આવુ કૃપાસાધ્યપણું ક્યારે વાપરે ? કે આવા અનાદિમુક્તના મહોત્સવ હોય કે ભગવાન સ્વામિનારાયણનો પોતાનો મહોત્સવ હોય ત્યારે પ્રભુ આવુ કૃપાસાધ્યપણું વાપરે છે. તો એમાં સત્સંગી ન હોય એવાય હોય. તો એનો પણ છેલ્લો જન્મ થઈ જાય. જો એમાં શંકા ન રહે તો થયા વગર રહેજ નહિ. આ જ જન્મે થઈ જાય.

શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા કેવા આશીર્વાદ આપી દીધા. એ કયા આશીર્વાદ ? કૃપાના આશીર્વાદ. કૃપા તુલ્ય કોઈ જ વસ્તુ નથી. ભગવાનના સ્વરૂપમાં પહોચવા માટે આ કૃપાવર્ષા વગર કોઈ શક્યતા નથી. બધા જ સાધનોનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે એ કૃપા મળે. એ કૃપામાં આપણે સર્વ બેઠા છીએ.

નારાયણમામા કહે, બે વસ્તુ તો અખંડ રહેવાની એક શ્રીજીમહારાજ ને બાપાશ્રી અને આ દિવ્ય સ્થાનની રજે રજ જે દિવ્ય થઈ તે દિવ્ય જ રહેવાની. આવનાર બદલાય કે ન બદલાય, પણ આ સ્થાન દિવ્ય રહેવાનું. બધાને અહીં આવવુ પડશે. અને આવવાના. બધાય લોખંડ તો ખરા જ ને ? અને સર્વશ્રેષ્ઠ લોહચૂંબક જો કોઈ હોય તો તે પરમ તત્વ સર્વોપરી પરમાત્મા ખરા કે નહિ? તો કયો જીવ એ ધારે તો ન આકર્ષાય ?

બાપાને કોઈકે પૂછ્યું કે તમે સમાધિ શું કામ કરો છો? બાપા કહે કે બીજા ઓળખી શકે કે આ મહારાજની મૂર્તિરૂપ વર્તે છે. એટલા માટે નહિતર કોઈ ઓળખે નહિ અને ઓળખે નહિ તો કલ્યાણ કેમ થાય? બાપાને ક્યાં પ્રસિદ્ધિની જરૂર હતી? પણ બીજા જીવોનું કલ્યાણ થાય એટલા માટે એમણે સમાધિ કરી. એટલે તો ભગવાનને અને સંતને ઓળખવા એ જબરી ઘાંટી છે.

નારાયણમામા કહે છે, કોઈ એમ કહે કે હું બાપાશ્રીના હેતવાળો નથી તો એનો અર્થ એ કે એ સ્વામિનારાયણ ભગવાનનો જ નથી. શા માટે? કારણ કે બાપાશ્રીનું વર્તન અણીશુદ્ધ વર્તન હતું. શ્રીજીમહારાજની આજ્ઞા મુજબનું. વળી વર્તનનો દોર કાયમ એક સરખો જ હતો. ત્યારપછી ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી મૂર્તિની સારપ સિવાય ક્યાંય સારપ ન મનાય એનું નામ સર્વોપરી ઉપાસના. હું બાપાશ્રીના હેતવાળો નથી એમ કહે તો એને ઉપાસનાની દૃઢતા નથી એમ સમજવું.

# જીવાત્માને અગાધ જ્ઞાનના મહાસાગરમાં સ્નાન કરાવે તે ગુરૂ

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ- ભુજ

આપણી વૈદિક ભારતીય સંસ્કૃતિમાં સદ્‌ગુરૂવર્યનું મહાત્મ્ય અનન્ય, અનેરૂં અને અવિસ્મરણીય રહ્યું છે. એટલું જ નહિં ગુરૂપરંપરા જળવાઈ રહે છે. જે જ્ઞાન આપે તે ગુરૂ એવો સંસ્કૃતમાં અર્થ છે. ગુરૂ શબ્દના બે શબ્દનો અર્થ સમજીએ ''ગુ'' એટલે અજ્ઞાન અને ''રુ'' એટલે નાશ કરનાર. ગુરૂને આચાર્ય પણ કહેવાય. જે આચારને શિષ્યના જીવનમાં વણીદે તેવા આચાર્ય દેવ સ્વરૂપ છે. आचार्यः परमो देवः ।

પ્રાચીન ભારતીય પરંપરામાં ગુરુના ત્રણ સ્વરૂપો મુખ્ય મનાય છે. જ્ઞાનના ઉદ્‌ગાતા તરીકે દક્ષિણમૂર્તિ ભગવાન શિવ, યોગ અને સિધ્ધીના ગુરૂ દત્તાત્રય, શાસ્ત્રોના માર્ગદર્શક મહર્ષિ વેદવ્યાસ. ઉધ્ધવ સંપ્રદાયની ગુરૂ પરંપરાની વાત વડતાલ - ૧૮માં વચનામૃતમાં કહી છે. એ ગુરૂ પરંપરા જાણવા તે વચનામૃતમાં સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીએ અનુરોધ કર્યો છે. જનકના ગુરૂ યાજ્ઞવલ્કય હતા. શંકરાચાર્યજીના ગુરૂ ગૌડપાદાચાર્ય અને કબીરના ગુરૂ રામાનંદ હતા. વિવેકાનંદના ગુરૂ સ્વામી રામકૃષ્ણ પરમહંસ હતા. એમ અનેક પ્રસિદ્ધ મહાપુરુષોમાં પણ જોવા મળે છે.

સામાન્યત્ : આપણી ગુરૂ પરંપરામાં વ્યાસ આદ્યગુરૂ મનાય છે. એક સમયે સર્વ ઋષિમુનિઓએ એકત્ર થઈ વ્યાસ પાસે જઈ વિનમ્રભાવે પૂછયું, ''ભગવંત્! આપશ્રી સર્વના ગુરૂ છો. મહાન સાક્ષર છો. અમારે આપશ્રીના જન્મોત્સવની ઉજવણી કયારે કરવી? ત્યારે વ્યાસજીએ કહ્યું કે, ''અષાઢમાસની પૂર્ણિમાએ કરજો.'' આ જગત પર જેટલા પણ ગુરૂઓ છે તેમને મારું સ્વરૂપ સમજીને શ્રદ્ધાપૂર્વક પૂજન કરવાથી મારું પૂજન થઈ જશે.'' વ્યાસોઉચ્છિષ્ઠં જગત એમ કહેવાય છે.

પ્રારંભમાં ભગવાન નારાયણે બ્રહ્મવિદ્યા બ્રહ્માજીને આપી, બ્રહ્માજીએ સનત્ કુમારોને, સનત્ કુમારોએ નારદજીને, નારદજીએ વશિષ્ઠજીને, વશિષ્ઠે શુક્ત કુમારોને, શુક્ત કુમારોએ પારાશર મુનિને, પારાશરે તેમના પુત્ર વ્યાસને બ્રહ્મવિદ્યા આપી. વ્યાસે એ વિદ્યા વિદ્યા જગતના ગુરૂઓને આપી.

શ્રી સહજાનંદ સ્વામીજીએ વચનામૃતમાં ગુરૂનો મહિમા વર્ણવ્યો છે. જેનામાં જ્ઞાન-વિજ્ઞાનની અને આધ્યાત્મ વિદ્યાની ગરિમા હોય, ઊંચાઈ હોય તે સાચા સદ્‌ગુરૂ. કબીરજીએ ગુરૂનો મહિમા ગાયો છે.

સદ્‌ગુરૂકો મહિમા અનંત, અનંત દિયા ઉપકાર,<br>
લોચન અનંત ઉઘરિયા, અનંત દિવ્યવનહાર ।।

વિસાદથી મુક્તિ ગુરૂ અપાવે છે. વિવેકમાં વૃદ્ધિ, વિશ્વાસનું દ્રઢીકરણ સદ્‌ગુરૂવર્યની કૃપા થકી જ સંભવે છે. સદ્‌ગુરૂ થકી જ્ઞાનનો વિકાસ માર્ગ ખુલતો રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ્, મત્સર અને દેહાભિમાન જેવા અંતઃશત્રુઓનો નાશ થવા પામે છે. વૈરાગ્યભાવની વૃદ્ધિ થાય છે.

કહેવાય છે કે, ગુરૂ જહાં જહાં, પ્રભુ વહાં વહાં,<br>
ઐસે ગુરૂ બીના જ્ઞાન કહાં ?

શ્રી વલ્લભાચાર્યજીએ ઉપદેશ્યું છે કે જે જીવ જોડે જગદીશનું અનુસંધાન કરાવે તે ગુરૂ છે. જે શિષ્યના ભીતરના ભોગ અને મોહને હટાવી ભગવાનમાં પ્રેમ સ્થાપિત કરાવી આપે તે સદ્‌ગુરૂ છે.

ગુરૂએ માનવ લક્ષ્યનું સાકાર સ્વરૂપ છે. એટલે જ ગુરૂનું પૂજન એટલે સાક્ષાત્ પરબ્રહ્મનું પૂજન. કબીરજી પોતાના સુવિખ્યાત દોહરામાં કહે છે કે,

સબ ધરતી કાગજ કહું, લેખન સબ વન રાજે,<br>
સાત સમુદ્રકી શાહી કહું, ગુરૂ ગુણ લીખા ન જાય ।।

એકલવ્યે ગુરૂદક્ષિણામાં અંગૂઠો અર્પણ કરીને સમગ્ર બાણ વિદ્યા ગુરૂને અર્પણ કરી દીધી હતી. દાન કરવામાં જે અગ્રેસર રહ્યા છે તે કર્ણે પોતાનું રક્ષણ કરે એવા કવચ કુંડળ ઈન્દ્રને ઉતારીને આપી દીધા હતા.

અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।<br>
ચક્ષિરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।

આખરે તો ગુરૂ શિષ્યનો સંબંધ અતિ દિવ્ય અને શાશ્વત છે. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ પોતાને જે થકી જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેનું પૂજન-વંદના કરવામાં આવે છે. એ સર્વે ગુરૂઓના ગુરૂ શ્રી સહજાનંદ સ્વામીને આવા પાવનકારી ગૂર્ણપૂર્ણિમા દિને 'સહજાનંદ ગુરૂમ્ ભજે સદા' કરી ધન્ય બનીએ.



મહારાજની મૂર્તિને આત્માને વિષએ અખંડધારી રહેવું તે આત્માનો ધર્મ જાણવો, સ્થુળ સુક્ષ્મ દેહે કરીને સર્વ નિયમ પાળવા એ દેહનો ધર્મ જાણવો તે સ્વધર્મ કહેવાય.

# નિરાકાર તથા સાકાર "અક્ષરધામ"

ક્રમશઃ

શ્રી રાજ વકીલ – અમદાવાદ

અત્યાર સુધી આપણે જોયું કે સાકાર અક્ષરબ્રહ્મ જે મૂર્તિમાન મૂળ અક્ષર, તેને શ્રીજીમહારાજના તેજરૂપ અન્વયશક્તિનો સંબંધ છે અને શ્રીજીમહારાજ તો પોતાના તેજરૂપ નિરાકાર અક્ષરબ્રહ્મથી પણ પર, નોખા અને અતીત કહેતા ''શ્રેષ્ઠ'' છે પણ પોતાના તેજથી નોખા એટલે જુદા નથી. આ મૂર્તિમાન મૂળઅક્ષરને ત્રણ વચનામૃતોમાં ''અક્ષરધામ'' શબ્દથી પણ વર્ણવેલ છે તે આપણે જોઈએ. ''પ્રથમના ૫૧માં વચનામૃતમાં કહ્યું કે આત્યંતીક પ્રલય સમે અનંતકોટી પુરૂષ જે મૂળપુરૂષ તે પુરૂષોત્તમનું ધામ જે અક્ષર તેના એક દેશને વિષે લીન થઈ જાય છે ને પાછા ઉપજે છે અને તે અક્ષરથકી પર અક્ષરાતીત એવા જે પુરૂષોત્તમ ભગવાન તે છે.''

''પ્રથમના ૪૧માં કહ્યું છે જે અક્ષરાતીત એવાં જે પુરૂષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે, બાપાશ્રીએ સમજાવ્યું કે જ્યારે દૃષ્ટિ કરવાની વાત હોય ત્યારે તે મૂર્તિમાન હોય, તે મુજબ અક્ષર સામુ કહેતા મૂર્તિમાન મૂળઅક્ષરને તેજ દ્વારા પ્રેરણા કરે છે. ત્યારે તે અક્ષરમાંથી પુરૂષ પ્રગટ થઈ આવે છે.'' તે મુજબ પુરૂષ કહેતા મૂળપુરૂષને પ્રેરણા તેમના ઉપરી વાસુદેવબ્રહ્મ દ્વારા મૂળ અક્ષરની છે તેથી પ્રલય સમયે પણ મૂળપુરૂષ અને વાસુદેવ બ્રહ્મની લીનતા મૂર્તિમાન મૂળ અક્ષરને વિષે હોય પણ શ્રીજીમહારાજના તેજરૂપ ધામ જે અક્ષરધામ તેમને વિષે ન હોય, તેમ બાપાશ્રીએ સ્પષ્ટ કર્યું. તો પછી પ્રથમના ૫૧માં મૂળપુરૂષની લીનતા પુરૂષોત્તમનું ધામ જે અક્ષર તેમાં કીધી તો એ ''ધામરૂપ અક્ષર'' કહેતા અક્ષરધામ કોને સમજવા? તેવી જ રીતે પ્રથમના ૬૩માં કહ્યું છે જે ''એવા અનંતકોટી જે વિરાટ પુરૂષ તેમના સ્વામી જે પુરૂષોત્તમ ભગવાન તેનું ધામ જે અક્ષર, જેને વિષે એવાં અનંતકોટી બ્રહ્માંડ તે એક-એક રોમ પ્રત્યે અણુની પેઠે ઊડતાં ફરે છે. એવું એ ભગવાનનું ધામ છે, ને તે ધામને વિષે પુરૂષોત્તમ ભગવાન પોતે દિવ્યરૂપે કરીને સદા વિરાજમાન છે; ''અને એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે ને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે અને તે અક્ષર મૂર્તિમાન છે પણ અતિ મોટા છે માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી.'' આમ જોતાં જે ધામરૂપ અક્ષર જે નિરાકાર તેજરૂપ છે જેને વિષે પુરૂષોત્તમ ભગવાન સદાય વિરાજમાન છે તે અક્ષરધામ મૂર્તિમાન કેવી રીતે હોઈ શકે? અહીં અક્ષરધામ કોને સમજવા.

તેમજ સારંગપુરના ૧૭માં વચનામૃતમાં કહ્યું છે જે ''અક્ષરધામ અને અક્ષરધામમાં રહેનારા મુક્ત'' એ સર્વે જેમ જેમ વધુ વધુ સામર્થીને પામ્યા છે તેમ તેમ ભગવાનનો મહિમા વધુ વધુ જાણતા ગયા છે અને ભગવાનને વિષે સ્વામી - સેવકપણાનો ભાવ પણ અતિ દૃઢ થાતો ગયો છે. તેમ જોતાં અક્ષરધામ ભગવાનનો મહિમા જાણે છે. એમ કહેવાથી કોઈ વ્યક્તિ વિષયક વાત કરી હોય તેમ સ્પષ્ટ થાય છે. ત્યારે આમાં પણ અક્ષરધામ કોને સમજવા. પરમકૃપાળુ બાપાશ્રીએ આની સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે મૂર્તિમાન મૂળઅક્ષર એ શ્રીજીમહારાજમા તેજ રૂપ અક્ષરધામને રહેવાનું પાત્ર હોઈ તે મૂળઅક્ષરને ''અક્ષરધામ'' એમ વિશેષણ આપ્યું છે અને તેથી જ પ્રથમના ૫૧, ૬૩ અને સારંગપુરના ૧૭માં વચનામૃતમાં ''અક્ષરધામ'' શબ્દથી શ્રીજીમહારાજે મૂર્તિમાન મૂળઅક્ષરને ગણેલ છે પણ પોતાના તેજરૂપ અક્ષરધામ નથી કહ્યું. આમ મહારાજે વચનામૃતમાં મૂળઅક્ષર માટેપણ ''અક્ષર'', ''અક્ષરધામ'' અને ''અક્ષરબ્રહ્મ'' એ વિશેષણો વાપર્યા છે.



જે સંતની સેવા કરે છે ને ભગવાનનાં ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને નિવાસ કરશે.

# કેળવણી

## શાળા પ્રવેશોત્સવનો અહેવાલ

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા. ૫/૬/૨૦૨૩ના રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શાળા પ્રવેશોત્સવની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના જૂના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા. શાળાના આચાર્યશ્રીડૉ. એસ.એમ. પટેલ સાહેબે નવા આવનાર વિદ્યાર્થીઓનું શાળા પરિવાર તથા સંસ્થા પરિવાર વતી શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શાળાના શિક્ષિકા શ્રીમતી જાનકીબેન ગોસ્વામી દ્વારા કુમકુમ વડે તિલક કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ જીનીબેન મહેતા, અંકિતાબેન માકાણી તથા કોમલબેન પટેલ દ્વારા નવા વિદ્યાર્થીઓને ગોળ-ધાણા ખવડાવીને મીઠું મોં કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે શાળાના શિક્ષકોનો પરિચય આપ્યો અને શાળા તથા શાળાનાં શિક્ષણ વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ પટેલે આભારવિધિ કરી અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

## શ્રી ઘનશ્યામ એકેડેમીમાં Real Fruits and Vegetables Recognise નું આયોજન કરાયું

તા. ૧૦/૬/૨૩ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબહેન જોષીના માર્ગદર્શન હેઠળ Real Fruits and Vegetables Recogniseનું આયોજન કરાયું હતું. જેમાં K.G Sectionના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ Activityમાં બાળકોને શિક્ષકો દ્વારા ફળો અને શાકભાજીના નામ અને સ્વાસ્થ્ય માટેના ફાયદાઓ સમજાવાયા હતા. ત્યારબાદ બાળકોએ ખૂબ જ આનંદપૂર્વક પોતાના મનપસંદ ફળ અને શાકભાજી હાથમાં લઈ તેના વિશે જણાવ્યું હતું. આ Activityનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે બાળકો ફળ અને શાકભાજીના ફાયદાઓની સમજ કેળવી અને તેના લાભો લેતા શીખે અને આરોગ્યપ્રદ આહાર ગ્રહણ કરે.

## અષાઢી બીજ ઉત્સવની ઉજવણી

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા બળદિયા ખાતે તા. ૨૬/૬/૨૩ મંગળવારના રોજ અષાઢી બીજ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૫થી ૧૦ સુધીના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અષાઢી બીજ ઉત્સવની સંપૂર્ણ તૈયારી શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ Genius Houseના શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી. જેમાં House Head શ્રીમતી લોચનબેન પરમાર સાથે તેમના સાથી શિક્ષકો દિવ્યાબેન જોશી અને વિશ્વ બુધ્ધભટ્ટી સરએ ખૂબ જ મહેનત કરી હતી. સૌપ્રથમ ધોરણ ૭ના વિદ્યાર્થી જૈમીન ભટ્ટે અષાઢી બીજ પર વક્તવ્ય રજૂ કર્યું હતું. ધોરણ ૮ના વિદ્યાર્થી ચૌહાણ યશરાજ, ધોરણ ૬ના વિદ્યાર્થી પટેલ અક્ષ દ્વારા કચ્છી બોલીમાં સંવાદ રજૂ કર્યો હતો. ત્યારબાદ ધોરણ ૫થી ૧૦ની વિદ્યાર્થીનીઓ દ્વારા કચ્છી ગીત પર નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. અંતે શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીએ પણ વિદ્યાર્થીઓ સાથે કચ્છી નવા વર્ષ નિમિત્તે સંવાદ અને થોડી વાતો કરી હતી અને આમ અષાઢી બીજનો ઉત્સવ ઉજવાયો હતો.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા બળદિયા ખાતે તા. ૨૧/૬/૨૩ બુધવારના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. K.G Section થી ધોરણ ૧૦ સુધીના બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. યોગ દિવસની સંપૂર્ણ તૈયારી શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી જોશીના માર્ગદર્શન હેઠળ K.G Excellence Houseના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ. જેમાં હાઉસના હેડ શ્રીમતી અર્ચના જોશી અને સાથે એમના સાથી શિક્ષકો શ્રીમતી સંગીતા વેકરીયા અને શ્રીમતી પ્રિયશી વાલાણીએ ખુબ જ મહેનત કરી હતી. સૌપ્રથમ શ્રીમતી પ્રિયશી વાલાણી દ્વારા યોગ વિશે થોડી માહિતી આપવામાં આવી. ત્યારબાદ ધોરણ ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શ્રીયા વેકરીયાએ યોગ વિશે પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ ભગવાન શ્રી સૂર્યનારાયણના બાર નામો અને સંગીત સાથે સૂર્યનમસ્કાર કરવામાં આવેલ હતા. યોગાસન અને પ્રાણાયામ પણ સંગીત સાથે કરવામાં આવ્યા હતા. અને અંતે સુંદર યોગા પરફોર્મન્સ કરવામાં આવ્યું હતું. યોગ દિવસની ઉજવણીમાં અમારા શિક્ષણના માર્ગદર્શક એવા કલ્યાણ સર એ હાજરી આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો અને યોગ એટલે શું? એની માહિતી બાળકોને આપી હતી. અને અમારો યોગ દિવસનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## ઘનશ્યામ એકેડેમી - વિવિધ પ્રવૃતિ



## શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ - વિવિધ પ્રવૃતિ

શાળા પ્રવેશોત્સવ



યોગદિનની ઉજવણી






યોગદિનની ઉજવણી



કચ્છી નવા વર્ષની ઉજવણી










ગુરૂપૂર્ણિમાની ઉજવણી



# શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર, બળદિયા સંચાલિત

## શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), બળદિયા

## S.S.C. વર્ષ ૨૦૨૨-૨૩ પરિણામ(૯૫.૧૬%)

### અંગ્રેજી માધ્યમના તેજસ્વી વિદ્યાર્થીઓ



પ્રથમ
હિરાણી નેન્સી પ્રવિણ
PR 97.03%



દ્વિતિય
ભોજાણી ક્રિશ જગદીશ
PR 95.99%



તૃતિય
માલા સંકેત શામજી
PR 95.77%

### ગુજરાતી માધ્યમના તેજસ્વી વિદ્યાર્થીઓ



પ્રથમ
વેકરીયા અરવિંદ વિનોદ
PR 95.43%



દ્વિતિય
સોઢા રામસિંહ પ્રેમસિંહ
PR 89.36%



તૃતિય
બરારીયા શીવજી માદેવા
PR 87.46%

MURTI, Gujarati, Monthly, July, Year 20, Issue - 07
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-07-2023

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24



# ગુરૂપૂર્ણિમા પર્વ - છતેડીધામ





Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria